# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૮૮ • તા.૧૬ ડિસેમ્બર થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





## જ્ઞાતિજનોની વધતી જતી આશાઓ અને જરૂરતને પુરુ કરતી શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની

# સંજીવની યોજના

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member

SHUBH DIAMONDS



RAJESH MOMAYA

9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# મોટું વિચારો અને એને સાકાર કરો

શારીરિક રીતે બીજા અનેક પ્રાણીઓની તુલનામાં આપણે કમજોર હોવા છતાં આજે માનવજાતિ દુનિયાની સૌથી સબળ અને બુધ્ધિશાળી જાતિ ગણાય છે. આ માટે માનવની વિચાર કરવાની શક્તિ અને વિચારોને અમલમાં લાવવાની તેની પ્રતિભાને લીધે છે. માનવી જેટલું મોટું વિચારે એટલો મોટી રીતે તેનો આવિષ્કાર કરી તેનો અમલ થાય એ માટે પ્રયત્નશીલ રહે તો કેટકેટલી સિધ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે. જેટલી મોટી વિચારોની શક્તિ એટલી મોટી ઉપલબ્ધિઓ મળી શકે. પણ એ વિચારોને બળ આપવા સતત મહેનત, અસીમ પરિશ્રમ અને સખત કાર્ય કરવું પડે છે.

કેટલાકના શરીરમાં આળસ અને મગજમાં કલ્પના વિહીન ભાવ હોવાથી કામનો બોજ ન પડે એ માટે મોટું વિચારવાનું ટાળે છે. કેટલાક સ્વકેન્દ્રી વ્યક્તિઓ સાહસ કરવાના ડરથી ભવિષ્યનો વિચાર કર્યા વગર વર્તમાનમાં જે મળ્યું છે, જેટલું મળ્યું છે તેનો સંતોષ માણી હાથ પર હાથ ધરીને બેઠા રહે છે. પડકારોનો સામનો કરવો પડશે એવા ભયને લીધે પોતે પોતાના સુરક્ષિત ઝોનમાં બેઠા રહે છે, જીવન ગુજારે છે. જ્યારે જેઓ મોટી વિચાર શક્તિ રાખનારા ઉધમી, સાહસી અને સામી છાતીએ લડનારા પડકારોનો સામનો કરવા સતત સજ્જ રહે છે અને પોતાના સેફઝોનમાંથી બહાર નીકળી સતત સમસ્યાઓ, વિઘ્નો અને સંકટોનો સામનો કરવા તત્પર રહે છે. આવી વ્યક્તિઓ જ્યારે પોતે વિચારેલું સાકાર થાય, સફળ થાય ત્યારે જ હથિયાર હેઠે મૂકે છે અને સંતોષ પામે છે. શક્યતાઓ અને સંભાવનાઓની કોઈ હદ હોતી નથી. સપનાઓ અને વિચારોને મુક્ત રાખો, એને બાંધી ન રાખો. સતત એને પાંખો ફૂટે અને તેઓ ખુલ્લા આકાશમાં વિહરે એવા પ્રયત્નો કરો જેથી રાખેલી સંભાવનાઓ સત્ય તરફ ગતિમાન થશે. અશક્ય છે, જે આશ્ચર્યજનક છે, જે કલ્પના બ્રાહ્ય છે ત્યાં સુધી પહોંચવાનો રસ્તો બનાવનાર સફળતા પામે છે અને સિધ્ધિ મેળવે છે.

માનવ જાતિ અસલમાં વાનરની ઉત્ક્રાંતિમાંથી સર્જાઈ છે એવું પ્રતિપાદ થયું છે. આદિમકાળથી આજ પર્યંત સુધી જેટલી શોધખોળ થઈ છે. એમાં માનવોની વિચારશક્તિ તેની બુદ્ધિની સજાગતા અને મગજની કલ્પનાશક્તિ એ જ પાયાનું કામ કર્યું છે. ગોળ પથ્થરોને ગબડતા નિરખીને લાકડાના ટુકડામાંથી વજન ઉચકવા માટે કામે લાગે એ માટે ગોળ પૈડા બનાવી વાહન બનાવ્યું. આકાશમાં ઉડતા પક્ષીઓમાંથી કલ્પના કરી વિમાન બનાવ્યા. ચકમકના ટુકડા ઘસવાથી થતા પ્રકાશમાંથી અગ્નિ બને એ માટે પ્રેરણા મળી. આમ સતત વિચારોના શક્તિને સતેજ રાખી જ્ઞાનને વિજ્ઞાનમાં પરિવર્તન કરનાર માનવી જાતિ જો હાથ પર હાથ ધરી બેસી રહી હોત તો આજે પણ અંધકારના કાળખંડમાં સૌ જીવતા હોત.

વિચારો અને કલ્પનાઓને સીમામાં બાંધી ન રાખો. તેને સતત ઉડવા દો અને તેની પાછળ તમે પણ ભાગતા, દોડતા રહો તો સફળતા હાથ લાગશે. મોટા વિચારો મોટી સફળતા અને સિદ્ધિ અપાવે છે. માટે મોટું વિચારો અને એ વિચારો સાકાર થાય એ માટે પ્રયત્નશીલ રહો.

જય જ્ઞાતિમૈયા

# સફળતાની ચૂંચી નિષ્ફળતા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

હિંદી સાહિત્યના સુપ્રસિધ્ધ લેખક હરિવંશ રાયબચ્ચને લખેલી પંક્તિઓ વાંચીએ ત્યારે દિલમાં નવો જોશ ઉત્સાહ અને ઉમંગ વ્યાપી જાય છે. નિષ્ફળ થયેલો વ્યક્તિ તરવરાટ અનુભવા લાગે. આ પંક્તિઓ છે ‘લહેરો સે ડર કર નૌકા પાર નહીં હોતી, કોશિશ કરને વાલો કી કભી હાર નહીં હોતી’ ગુજરાતીમાં કહેવત છે કે ‘નિષ્ફળતા એ સફળતાની ચાવી છે. સફળતા અને નિષ્ફળતા એક સિક્કાની બે બાજુઓ છે’ આ કહેવત અને ઉક્તિથી સૌ કોઈ પરિચિત છે પણ કોઈ આ અમર વાક્યોને કથનને સારી રીતે સમજીને જીવનમાં ઉતારી શક્યું નથી. આ કહેવત હકીકતમાં આપણને બોધ આપે છે કે આજે ભલેને નિષ્ફળતા મળી હોય પણ આવતી કાલે સફળતા જરૂર મળશે પણ આને માટે હતાશ કે નિરાશ થવાની જરૂર નથી. ઉમ્મીદ ને આશાનો ટમટમતો દિવડો પ્રજ્વલિત રહે એ જ જોવું રહ્યું.

નિષ્ફળતા કે અસફળતા એ જ વ્યક્તિને મળે છે જે પોતાનું લક્ષ્ય મેળવવા દોટ મૂકી શકે છે. દિવસ રાત જોવા વગર અથાક મહેનત જે કરી શકે છે. જ્યારે નિષ્ફળતા મળે ત્યારે ક્યાં ભૂલ થઈ, ક્યાં કચાશ રહી કે ક્યાં ત્રૂટી–અધૂરપ રહી તે તળ ઝાટકીને શોધી શકે છે. તેને કિસ્મત પણ સલામ ભરે છે. નિષ્ફળતાને શીરે ચઢાવી, લમણે હાથ દઈ બેસનાર ક્યારે વિજેતાપદ પ્રાપ્ત કરી શકતો નથી. લક્ષ્ય તરફ જે અવિરત પ્રવાસ કરે છે, થોભવાનું જેને મંજૂર નથી, થાકને જે ગણકારતો નથી. તેવા સાહસ વીરને સફળતા મળે છે. એટલે કે સાહસી વ્યક્તિને જ મંજિલ પ્રાપ્ત થાય છે.

સાહસ કરવાથી અનેક ગુણોનો વિકાસ થાય છે. જેમકે આત્મવિશ્વાસમાં વધારો થાય છે, મનોબળ દ્રઢ થાય છે. મુશ્કેલીમાંથી મારગ કેમ કાઢવો તેની સૂઝ સમજ મળે છે. જાણીતી ઉક્તિ છે ‘ હિંમતે મર્દા તો મદદે ખુદા.’ એટલે કે જે સફળતા અને ધ્યેય પ્રાપ્ત કરવા માંડે જે જીવ જાન ઝૂંટાવી મંડ્યા રહે છે, પ્રયત્ન કરતાં કહે છે અવિરત મહેનત કરતા રહે છે તેને ખુદ ભગવાન મદદ કરે છે. તેમની સહાય કરવા ઈશ્વર સદૈવ તત્પર રહે છે.

દ્દઢ મનોબળ સાથે ખંતપૂર્વક પોતાના લક્ષ્ય હાંસલ કરવા જે સતત મહેનત કરે છે. તેનો મારગ સરળ બનતો રહે છે અને સફળતા ઝડપી મળે છે. જે હસતા હસતા જીવનની કડવી વાસ્તવિકતાને સહજપણે સ્વીકારી નિષ્ફળતાના ઘાને સહન કરીને નિષ્ફળતાના કડવા ઘૂંટડા પીધા છતાં હાર ન માનનાર, પાછી પાની ન કરનાર કે પારોઠના પગલા ન કરનાર તો જાણે બે પગલાં પાછળ હટી ફરી સાહસ ભરી મોટી છલાંગ માટે તત્પર હોય છે. એટલે જ કહેવાયું છે કે ‘સિધ્ધિ તેને જઈ વરે જે પરસેવે નહાય’ જે મક્કમ મનોબળ સાથે આત્મવિશ્વાસ ધરાવે છે એ કાર્યક્ષેત્રના લક્ષ્યને સહજતાથી આંબી લે છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# સંજીવની કેસ નં.૧૨૨ માટે જરૂરિયાતની રૂા.૭૭ હજારની રકમ જમા થઈ જતાં કેસ બંધ કરાયો




વીસ વર્ષીય કુ.ટીશા નાગડા રાપર-ડોંબિવલીની રહેવાસી છે અને માતા-પિતા તથા ભાઈ સાથે રહે છે. ભાઈ જ કમાઈ કરતાં પરિવારનો એકમાત્ર મેમ્બર છે. જે નાની શી નોકરી કરી મર્યાદિત કમાણી કરે છે. ટિશાને ઓવરિયન સિસ્ટ-અંડાશયમાં ગાંઠની તકલીફને કારણે પેટમાં દુ:ખાવાને કારણે સર્જરી માટે તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરેલ. સારવાર ઈલાજ માટે રૂા.૭૭ હજારનો અંદાજિત ખર્ચ અપાયેલ. આ આકસ્મિક ખર્ચ સામાન્ય સ્થિતિના પરિવાર માટે વહન કરવું મુશ્કેલ હોવાથી પરિવારે એ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંકટ સમયની સાંકળ જેવી સંજીવની યોજના અંતર્ગત મદદ માટે અરજી કરેલ હતી.

હર વખતની જેમ ઉદારદિલ દાતાઓ, મહાજનો, પેટ્રન અને શુભેચ્છ સહયોગીઓના પ્રત્યક્ષ તેમજ પરોક્ષ સાથ સહકારથી કેસ નં.૧૨૨ની જરૂરિયાત માટેની રકમ તુરંત જમા થઈ જતાં સદર કેસ ક્રાઉડ ફંડિંગ માટે બંધ કરાયો છે. આ કેસની જરૂરિયાત માટે ભંડોળ આપનાર સૌની મેડિકલ સમિતિ ઉદારભાવથી અનુમોદના કરે છે.

# સંજીવની કેસ નં.૧૨૩ માટે રૂા.૩.૩૦ જમા થઈ જતાં સદર કેસ ક્રાઉડ ફંડિંગમાંથી બાકાત કરાયો




મૂળ તેરા હાલે મુર્તિઝાપુરના ૪૮ વર્ષીય મનીષ વિજય પટેલ-મોતાને અચાનક તીવ્ર હાર્ટએટેક આવતા તાત્કાલિક તેઓને હોસ્પિટલમાં ભરતી કરાયા હતા. ડોક્ટરો દ્વારા તેમને કોરોનરી એન્જીયોગ્રાફી માટે સલાહ આપવામાં આવી હતી. બ્લોકજને ધ્યાનમાં લઈને તેઓ એન્જીયોગ્રાફી સાથો સાથ એન્જીયોપ્લાસ્ટી કરાવી. આનો માટે રૂા.૩.૩૦ લાખના અંદાજિત ખર્ચની જરૂરિયાત માટે તેઓએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે અરજી કરી. સામાન્ય આર્થિક પરિસ્થિતિ ધરાવતા મનીષ પટેલ મોતા સ્વત પોતે કમાતા એક માત્ર સભ્ય છે. જેનાથી જરૂરિયાત માંડ માંડ પૂરી થાય છે. તેઓને કોઈ વીમાનો પીઠબળ નથી કે નથી કોઈ વધુ બચત.

તેમની જરૂરિયાત રકમ જમા કરવા માટે ક્રાઉડ ફંડિગ માટે મૂકાતા જૂજ સમય દરમ્યાન ફંડ જમા થતા આ કેસ નં.૧૨૩ બંધ કરાયો હોવાનું જણાવાયું છે. મદદરૂપ થનાર દાતાઓની મેડિકલ સમિતિ અનુમોદના કરે છે.

# ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

Estd. 1984

## With **LOWEST INTEREST** Rates, we are still very much **Co-operative**

| Loan | Rate |
|---|---|
| HOME LOAN | *7.99% (p.a.) |
| 2 WHEELER LOAN | *7.99% (p.a.) |
| CAR LOAN | *7.99% (p.a.) |
| PRE OWNED CAR LOAN | *9.49% (p.a.) |
| eAUTO LOAN | *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN | *9.49% (p.a.) |
| PRE OWNED CV LOAN | *9.99% (p.a.) |
| EDUCATION LOAN | *8.49% (p.a.) |
| TRADE LOAN | *8.49% (p.a.) |
| LOAN AGAINST PROPERTY | *9.49% (p.a.) |
| MORTGAGE LOAN | *7.99% (p.a.) |
| COMMERCIAL (CRE) LOAN | *8.49% (p.a.) |
| LOAN AGAINST INSURANCE POLICY | *7.75% (p.a.) |
| GOLD LOAN | *7.99% (p.a.) |
| MACHINES LOAN | *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



www.arihantbank.com @ ArihantBank

# સાંધાણતીર્થે શાંતિનાથ દાદા જિનાલયનો ૧૭૧મો ધ્વજારોહણ મહોત્સવ સંપન્ન થયો








અબડાસા પ્રાંતના સાંધાણ તીર્થે શ્રી શાંતિનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૩મા વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરિમંત્ર પંચસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના આગમન અવસરે ભવ્ય સામૈયું ભવ્ય ઉત્સાહ ભાવ સાથે કરાયું. પૂજ્ય સાહબેની પુનિત નિશ્રામાં શ્રી શાંતિનાથ દાદા જિનાલયની ૧૭૧મી ધ્વજારોહણ મહોત્સવનો અવસર વિવિધ ધર્મ આરાધનાઓ સાથે ધર્મ આનંદ ભાવ સાથે સંપન્ન થયો.









# પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. સંયમ જીવનના ૨૭મા વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છ ગામ જખૌના માવિત્ર ગીતાબેન લલિતભાઈ ધરમશીના ગુણ સંસ્કારી એકનિષ્ઠ પુત્રી જેઓના ઉચ્ચ વિચાર હતા કે સંસારમાં રહીને ધર્મ કરી શકીએ પણ જન્મ લઈ ભવયાત્રામાંથી મુક્તિ કાજે તો સંયમ માર્ગે જવું પડે. તેમણે વિક્રમ સંવત ૨૦૫૪ માગસર સુદ ૫, ૭૨ જિનાલય તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.હર્ષનિધિશ્રીજી મ.સા. નામથી સંયમ પથનો પ્રવાસનો પ્રારંભ કર્યો.

ધર્મ તપના તેજથી આરાધના કરતા અને શ્રાવક-શ્રાવિકોને મોક્ષ કંઈ મારગનો મર્મ સમજાવતાં આજે વિક્રમ સંવત ૨૦૮૦ના માગસર વદી પાંચમના દિને સંયમ છવીસ વર્ષ પરિપૂર્ણ કરી સકલપણે સતાવીસમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે એટલું ઈચ્છીએ કે સાહેબનું આગામી સંયમ જીવન સુકૃત રીતે સફળપણે આગળ વધે એજ હૃદયની સાથે સંયમ જીવનનો પ્રવાસ સુવર્ણ, હીરક અને અમૃતના શિખર ઓળંગી શતક વર્ષે બિરાજે એ શુભકામના સાથે વંદન.

# ગાંધીધામ રેલ્વે સ્ટેશન સલાહકાર સમિતિમાં મધુકાન્ત જવેરચંદ લોડાયાની નિમણુંક



ભારત સરકારના રેલવે મંત્રાલય દ્વારા ગાંધીધામ રેલવે સ્ટેશનની સલાહકાર સમિતિમાં ગુજરાત રાજ્ય સરકાર હસ્તકની ગાંધીધામ ડેવલોપમેન્ટ ઓથેરેટીના વર્ષ ૨૦૧૧-૨૦૧૭ દરમ્યાન ચેરમેન તરીકે રહેલ, ભાજપના અગ્રણી અને જાણીતા એડવોકેટ તથા નોટરી મૂળ કોઠારા હાલે ગાંધીધામના મધુકાંત જવેરચંદ શાહ લોડાયાની નિમણુંક કરાઈ છે.

આ સમિતિના પદાધિકારી તરીકે જિલ્લાના પ્રવેશદ્વાર જેવા આર્થિક વ્યવહારના મુખ્ય મથક ગાંધીધામ રેલવે સ્ટેશનની પ્રજાલક્ષી સુવિધા વધારવા અને પ્રવાસીઓની વિવિધ સમસ્યાઓ હલ કરવા તેઓ સફળપણે પ્રયત્ન કરી યશનામી થાય એ શુભેચ્છા સાથે હાર્દિક અભિનંદન.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## શ્રી જખૌ રત્નટૂંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવ સમિતિ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ
## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

# શતકોત્તર અમૃત મહોત્સવના મંગલ કાર્યક્રમો

## શુભારંભ

**વિ.સં. ૨૦૮૦ માગસર સુદ ૧૧ શુક્રવાર તા. ૨૨-૧૨-૨૦૨૩**

- સવારે ૯.૩૦ કલાકે **માંડવા રોપણ**
- બપોરના ૧૦.૧૫ કલાકે થી **મહેંદી રસમ**
- બપોરના ૩.૦૦ કલાકે **સામૈયું : પ.પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણા
- બપોરના ૪.૩૦ કલાકે **વ્યાખ્યાન**
- રાત્રે ૮.૦૦ કલાકે **દાંડીયા - રાસ ગરબા**

## પ્રથમ દિવસ

**વિ.સં. ૨૦૮૦ માગસર સુદ ૧૨ શનિવાર તા. ૨૩-૧૨-૨૦૨૩**

સવારે ૯.૦૦ કલાકે



### શ્રી કુંભ સ્થાપનાના લાભાર્થીઓ

**માતુશ્રી રંજનબેન પ્રફુલ શિયાલ** તથા **લીનાબેન હંસકુમાર શિયાલ**

### શ્રી અખંડ દિપકના લાભાર્થીઓ

**માતુશ્રી જયાબેન ગોવિંદજી મૈશેરી** હસ્તે **અશોક ગોવિંદજી મૈશેરી**

### શ્રી જ્વારા રોપણના લાભાર્થીઓ

**અ.સૌ. ચેતના દીપક મૈશેરી, અ.સૌ. રેવંતી અજય શિયાલ**
**અ.સૌ. માલતી હરીશ ધરમશી, કુ. લુબીંની વિપુલ લોડાયા**



### નવગ્રહ પાટલા પુજનના લાભાર્થીઓ

**માતુશ્રી દિવ્યાબેન દામજી લોડાયા** તથા **માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા**



### શ્રી દશ દિક્પાલ પાટલા પુજનના લાભાર્થીઓ

**માતુશ્રી જયવંતીબેન કાંતીલાલ ગોવિંદજી નાગડા**
પ.પૂ. સા. શ્રી વંદનગુણાશ્રીજી મ.સા. ની પ્રેરણાથી



### અષ્ટમંગલ પાટલા પુજનના લાભાર્થીઓ

**માતુશ્રી લીલાવંતીબેન ઉમરશી ભારાણી** તથા **માતુશ્રી પુરબાઈ કાનજી ધરમશી** (અમદાવાદ)

## નુતન ભોજનશાળાના દાતાશ્રીઓ





### ભોજન કક્ષ

**માતુશ્રી બાંચાબાઈ ભવાનજી ઝવેરી**

### અન્નપૂર્ણા પાકગૃહ

**શ્રીમતી માધુરીબેન લાલજીભાઈ ઘેલાભાઈ શિયાલ** (રાયપુર), **શ્રીમતી સુધાબેન માણેકજી દેવજી ઝવેરી** (હુબલી)
**શ્રીમતી ભારતીબેન પ્રેમચંદ વીરચંદ નાગડા** (મુંબઈ), હસ્તે **શ્રીમતી સુષમા (ડૉ.) ધીરેન લાલજી શાહ (શિયાલ)**

## છાસગૃહ

શ્રી રાજેન્દ્ર કરમસી વિકમશી હસ્તે શ્રીમતી તારીકાબેન રાજેન્દ્ર વિકમશી (નવી મુંબઈ)
પુત્રવધુ-પુત્ર : ચારૂલ – મેહુલ, પુત્રી : અ.સૌ. મનાલી હિતેશ નાગડા, પૌત્ર : ધ્રુવ

## સ્ટોર રૂમ નં. ૧

ચાચાવાળા પરિવાર હસ્તે અ.સૌ. નલિનીબેન ચંદ્રકાંત શામજી નાગડા
કુ. માહિકા જાગૃતી અમીત ચંદ્રકાંત નાગડા, કુ. કનક સ્મીતા પરેશ ચંદ્રકાંત નાગડા (મુલુંડ-દેવલાલી)

## સ્ટોર રૂમ નં. ૨

"રતન માણેક સ્ટોર રૂમ"
સ્વ. રતનબેન માણેકજી નાગડા (જખૌ) ના સ્મરણાર્થે અ.સૌ. રમાબાઈ જેઠાલાલ વિસનજી મોમાયા (સાંયરા-કોચીન)

## શીલાન્યાસ ના લાભાર્થી

શ્રી હંસકુમાર શામજી શિયાલ (મુલુંડ)

## ભોજનકક્ષ: રાય રચીલા ના લાભાર્થી

શ્રી હંસકુમાર શામજી શિયાલ (મુલુંડ)

- બપોરે ૩.૦૦ કલાકે **ભોજનશાળાનું લોકાર્પણ**
- બપોરે ૩.૩૦ કલાકે **વ્યાખ્યાન તેમજ કુમારપાળ રાજાની આરતીનો ચડાવો**
- રાત્રે ૮.૦૦ કલાકે **મહાકાલી માતાજીની ભાવના સંગીતકાર કિશોર સાંગાર અને સાથી કલાકારો**
- **વિવિધ ચડાવા – સુચના**

# દ્વિતીય દિવસ

**વિ.સં. ૨૦૮૦ માગસર સુદ ૧૩ રવિવાર તા. ૨૪–૧૨–૨૦૨૩**

- સવારે ૮.૦૦ કલાકે ઢોલ-શરણાઈ તથા વિવિધ બેન્ડ સાથે ઘોડા, બળદ ગાડી, રથ, મોટર કાર એવં અન્ય સહ **ભવ્યાતિ ભવ્ય રથયાત્રા**
- બપોરે ૧.૦૦ કલાકે નવકાર મંત્ર આરાધક **શ્રી નરેન્દ્ર નંદુ** ના સથવારે **અઢાર અભિષેક**
- બપોરે ૪.૦૦ કલાકે **વ્યાખ્યાન**
- રાત્રે **સાંસ્કૃતિક કાર્યક્રમ – કુમારપાળ મહારાજાની આરતી – બહુમાન – ચડાવા**

# તૃતીય દિવસ

**વિ.સં. ૨૦૮૦ માગસર સુદ ૧૪ સોમવાર તા. ૨૫–૧૨–૨૦૨૩**

- સવારના ૭.૩૦ કલાકે **સત્તરભેદી પુજા**
- બપોરે ૧૧.૩૦ કલાકે **વિજય મુહુર્તે ધ્વજા રોહણ**
- બપોરે ૧.૦૦ કલાકે **શ્રી લઘુ શાંતિ સ્નાત્ર પુજન** ૨૭ ગાથાનું શ્રી નવકાર મંત્ર આરાધક **શ્રી નરેન્દ્રભાઈ નંદુ** ના સથવારે
  લાભાર્થી : ૧) **પ્રિયાંશ ઉર્વસીબેન હિરલકુમાર કેનીયા** (કપાયા-કાંદિવલી, મુંબઈ)
  ૨) **ભાગ્યલક્ષ્મીબેન નિતીન કાંતિલાલ નાગડા** (જખૌ-ડોંબિવલી) પ્રેરણા : સાધ્વીશ્રી વંદનગુણાશ્રીજી મ.સા.
- રાત્રે ૮.૦૦ કલાકે **સંગીત સંધ્યા – બહુમાન – દ્વાર ઉદ્‌ઘાટન – ચડાવા**

# દ્વાર ઉદ્‌ઘાટન

**વિ.સં. ૨૦૮૦ માગસર સુદ ૧૫ મંગળવાર તા. ૨૬–૧૨–૨૦૨૩**

- સવારના ૬.૦૦ કલાકે **શુભ મુહુર્તે દ્વાર ઉદ્‌ઘાટન**

**શ્રી જખૌ રત્નટૂંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવ સમિતિ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ**
**શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ**

સ્થાનિક કાર્યાલય : શ્રી રત્નટુંક જૈન દેરાસર, પોસ્ટ જખૌ, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૧.
મુંબઈ કાર્યાલય : શ્રી રાયચંદ ડી. જીવાણી, ૨૦૨, શ્રીજી વિલા, સ્ટેશન રોડ, લોહાર આલી, સન ઈન્ટરપ્રાઈસની સામે, થાને (વે)-૪૦૦ ૬૦૧.

# છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબે માતાની
# ૨૮મી સમૂહ પહેડી ઉત્સાહભેર સંપન્ન



સમસ્ત ક.દ.ઓ.જ્ઞાતિના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબા માતાજીની સમૂહ પહેડી તા.૧૦ ડિસેમ્બર રવિવારના સારસ્વતવાડી ઝવેર રોડ, મુલુંડ મધ્યે આયોજિત કરાઈ હતી. આ પ્રસંગે સર્વે છેડા ગોત્રના પરિવારજનો અને છેડા ગોત્રની નિયાણી બહેનો સપરિવાર સહર્ષ ઉપસ્થિત રહી ધર્મભાવ સાથે ભક્તિ દર્શન સાથે પેડી પ્રસાદનો ધન્ય લાભ લીધો હતો.



કાર્યક્રમ પ્રારંભે માતાજીની છબીની સ્થાપના કરાઈ ત્યારબાદ ચેતના હરિયા પ્રસ્તુત ભક્તિ સંગીતના આયોજનમાં સૌ તલ્લીન થઈ લાભ લીધો હતો. છેડા ગોત્રના સંતાનો તેમજ છેડા ગોત્રની નિયાણી બહેનોના સંતાનો જેઓ એ ધોરણ ૧ થી ૯માં ૮૫%, ૧૦મા ધોરણથી કોલેજ સેકન્ડ ઈયર (SY) સુધી ૮૦% મેળવી ઉર્તિણ થનાર તથા ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ, પાસ થયેલ દરેક તેજસ્વી વિદ્યાર્થીઓનું ભવ્ય બહુમાન સન્માન કરી અભિનંદન અપાયા હતા. બપોરે ૧ કલાકે ઉપસ્થિત ૩૦૦ જેટલા સૌ ભાવિક ભાઈ-બહેનોએ પહેડી પ્રસાદનો લાભ લીધો હતો. ત્યારબાદ ઉત્થાપન વિધિ કરી સમારોહની પૂર્ણાહૂતિ કરાઈ હતી.



# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# અચલગચ્છાધિપતિ મહારાજ સાહેબનો સંભવિત વિહાર કાર્યક્રમ



વડોદરા નગરે શ્રુતોપાસના ચાતુર્માસોત્સવ બાદ શ્રી ગુણકલા મણિ વલ્લભ ગચ્છોત્કર્ષ સંઘોત્સવ અને ૫૫મી દીક્ષા તિથિના કાર્યક્રમ બાદ ગુરૂગુણસાગરસૂરિશ્વરજી પટ્ટધર, સંઘશાસન કૌશલ્યાધાર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મહારાજાનો સંભવિત વિહાર ક્રમ અનુસાર વડોદરાથી તા.૧૦ ડિસેમ્બર રવિવાર કારતક વદ ૧૪ના રાજેશભાઈ નાગડાને ત્યાં ૧૨ કિ.મી. અંતર પછી તા.૧૧ ડિસેમ્બર સોમવાર કારતક વદ અમાવસ્યા ૧૬ કિ.મી. નો વિહાર બાદ કિખલોડમાં, તા.૧૨ ડિસેમ્બર મંગળવાર માગસર સુદ ૧ દિને ૯ કિ.મી.ના વિહાર યાત્રા કરી વાલવોડમાં, ત્યારબાદ સાંજે ૧૧ કિ.મી.ના અંતરે બોરસદમાં, તા.૧૩ ડિસેમ્બર બુધવાર માગસર સુદ બીજ ૨૧ કિ.મી.નો વિહાર કરી મણિલક્ષ્મી તીર્થ, ત્યારપછી તા.૧૪ ડિસેમ્બર ગુરૂવાર માગસર સુદ ૩ દિને ૨૧ કિ.મી.નો વિહાર કરી ઈન્દ્રણજમાં, તા.૧૫ ડિસેમ્બર શુક્રવારના માગસર સુદ ચોથના સવારે ૧૯ કિ. મી.નો વિહાર કરી વટામણ ચોકડી સાંજે ૯ કિ.મી. પછી મોટી બોરૂ મુકામે, તા.૧૬ ડિસેમ્બર શનિવાર માગસર સુદ પાંચ ૨૨ કિ.મી.નો વિહાર કરી આંબલી ગામે, ત્યારબાદ તા.૧૭ ડિસેમ્બર રવિવારના માગસર સુદ છઠના ધોલેરાતીર્થે ૧૦ કિ. મી.નો વિહાર કરી. તા.૧૮ ડિસેમ્બર સોમવાર માગસર સુદ સાતમ ૨૨ કિ.મી.નો વિહાર કરી બાવળિયારી ગામે મુકામ, મંગળવાર તા.૧૯ ડિસેમ્બરે માગસર સુદ આઠમ ૧૯ કિ.મી.નો અંતર વિહાર કરી રાજગઢ અને તા.૨૦ ડિસેમ્બર બુધવાર માગસર સુદ ૯ના ૧૧ કિ.મી.નો અંતર કાપી વિહાર કરતાં અયોધ્યાપૂરમ પહોંચશે.


આ ક્રમથી મહારાજ સાહેબનો સંભવિત વિહાર કાર્યક્રમ છે. સંપર્ક નંબર રણછોડ-૮૩૬૯૩૮૦૬૯૦, અજય-૮૬૯૦૦૮૮૦૩૮

# ભાવભીની શ્રદ્ધાંજલિ





બદ્રીચંદભાઈ દૌલત
તા.૧૩ ડિસેમ્બર (ઉ.૮૨)
સુથરી-નવી મુંબઈ



વર્ધમાનભાઈ લોડાયા
તા.૧૫ ડિસેમ્બર (ઉ.૮૦)
કોઠારા-હૈદ્રાબાદ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● હમાસ અને ઈઝરાયલ વચ્ચે ભીષણ યુધ્ધ ચાલુ છે. આવા સમયે મિશન યુ.એન.એટલે બંન્ને દેશો વચ્ચે તંગદિલી ભરી સ્થિતિનું નિર્માણ થાય. ત્યારે યુનો દ્વારા યુધ્ધને અટકાવવા અને શાંતિ સલામતી સ્થપાય તે માટે વિશ્વના દેશોના સૈન્યને ત્યાં તહેનાત કરાય છે. લેબનોનમાં તહેનાત આ યુ.એન. આર્મીમાં ૧૨ વરસથી ઈન્ડિયન આર્મીમાં ફરજ બજાવતા ભચાઉ તાલુકાના મનફરાના રાજેશ કોલી ફરજ બજાવે છે.

● એન.એ.બી.સ્પોર્ટસ એન્ડ કલ્ચર કમિટી ગુજરાત રાજ્ય શાખા તથા એન.એ.બી.ભુજના સંયુક્ત ઉપક્રમે અખિલ ગુજરાત અંધજન ગરબા સ્પર્ધા પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે ટાઉન હોલ ભુજ ખાતે યોજાઈ. રાજ્ય સ્તરની આ સ્પર્ધામાં માંડવીની અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી સંચાલિત વિકલાંગ કન્યા છાત્રાલયની ૧૦ પ્રજ્ઞાચક્ષુ દીકરીઓએ પ્રાચીન અને અર્વાચીન ગરબા રજૂ કર્યા હતા. તે પૈકી અર્વાચીન ગરબામાં રાજ્યકક્ષાએ બીજો નંબર મેળવ્યું હતું.

● ભવિષ્યને ધ્યાનમાં લઈ અબડાસાને બ્રોડગેજ સેવાથી જોડવાની કામગીરી ધમધોકાર રીતે ચાલી રહી છે. પરંતુ એક દાયકાથી વધુ સમયના પહેલા માંડ માંડ દેશલપરથી નલિયા સુધી ડબલ રસ્તો બન્યો છે. પરંતુ દરરોજ સિમેન્ટ અને નમક ભરેલી ટ્રકોના આવાગમનને કારણે બે માર્ગીય રસ્તો હવે તૂટવા આવ્યો છે. ત્યારે ફોરલેન રોડ થકી જ અબડાસાનો સાચો વિકાસ થઈ શકે તેમ હોવાથી ચાર માર્ગીય સડક બનવવાની માંગ ઊઠી છે. ૨૦૨૪માં નલિયા સુધી બ્રોડગેજ પહોંચાડવાની વાત રેલવે તંત્ર કહે છે ત્યારે દેશલપરથી નલિયા સુધી ૭૦ કિ.મી.નો માર્ગ ફોરલેન બને એ વિસ્તારના દ્રષ્ટિ એ ભારતનો મોટા જિલ્લા કચ્છના ૧૦ તાલુકામાં અબડાસા સૌથી મોટા વિસ્તાર ધરાવે છે. સાવ છેવાડે આવેલ તાલુકો હોવાથી અનોખી રહેણીકરણી ધરાવતા આ અલબેલા અબડાસાનો હજુ સાચો વિકાસ થઈ શક્યો નથી.

● સંયુક્ત રાષ્ટ્ર સંગઠનના વિશ્વ પ્રવાસન સંગઠન યુએનડબલ્યુટીઓ દ્વારા પુરસ્કારની ત્રીજી આવૃત્તિમાં વિશ્વભરના ૨૩૬ ગામોમાંથી કચ્છ જિલ્લાના ધોરડો સહિત ૫૪ ગામને શ્રેષ્ઠ પ્રવાસન ધામ તરીકેનું સન્માન આપ્યું છે. કચ્છના ધોરડો ઉપરાંત આ પ્રકારનું માન મેળવનારા ચિલીના બરાકાસ, જાપાનના બેઈ, સ્પેનના કાંતાવેની, ઈજિપ્તના દસદૂર, કોરિયાના ડોંગ લિક, લેબનોનના ડુમા, પોર્ટુગલના એરિસિએરા, કોલંબિયાના ફિલેડીયા, જેવા ગામોના નામ સામેલ છે. ધોરડોના શ્વેત રણની વિશ્વને સૌ પ્રથમ પ્રવાસન પોષક પહેલ કરનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ જાહેરાત બદલ પોતાનો રાજીપો વ્યક્ત કરતા વૈશ્વિક સન્માન બદલ કચ્છ અને ધોરડોને અભિનંદન આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે શક્તિશાળી સંગઠન જી-૨૦ના ભારતના અધ્યક્ષ સ્થાને શિખર સંમેલનના પ્રથમ ચરણમાં પ્રવાસન કાર્યકારી સમૂહની બેઠકનું યજમાન પદ ધોરડો ગામે સંભાળ્યું હતું અને વિશ્વના દેશોમાંથી આવેલા પ્રતિનિધિઓ આ ગામની મહેમાનગતિથી મંત્રમુગ્ધ થયાં હતાં.

● કેન્દ્ર સરકારના શિપિંગ મંત્રાલય દ્વારા મુંબઈ ખાતે યોજાયેલી ગ્લોબલ મેરિટાઈમ સમિટમાં ૧૦ લાખ કરોડનું મૂડી રોકાણ સુનિશ્ચિત થયું. આ સમિટમાં દેશના પ્રથમ હરોળના મહાબંદર દીનદયાલ પોર્ટ અને જેકસન ગ્રીન કંપની વચ્ચે કંડલામાં ગ્રીન એમોનિયા પ્લાન્ટ માટે કરાર થયા હતા. જેકસન ગ્રીન કંપની ૧.૩૩ લાખ ટનની ક્ષમતાનો પ્લાન્ટ ૨૪૦૦ કરોડના ખર્ચે ઉભારશે.

● અમદાવાદ સ્થિત રિઝનલ પાસપોર્ટ કચેરીમાં કોરોનાકાળ બાદ સ્ટાફ ઘટના કારણે પશ્ચિમ કચ્છના અંદાજિત પાંચ હજાર અરજદારની નવા તથા રિન્યુ માટે કરાયેલી પાસપોર્ટ અરજી લાંબા સમયથી અટવાયેલી છે. પાસપોર્ટ મેળવવા માટે અરજી કર્યાના ૧૫ થી ૨૦ દિવસમાં પાસપોર્ટ મળી જતું હોય છે. અને જો તાકીદે એટલે કે ત્રણ-ચાર દિવસમાં મેળવવું હોય તો તત્કાલ અરજી કરવી પડે છે. સામાન્ય રીતે રૂા.૧૫૦૦ની ફી લેવાતી હોય છે જ્યારે તાત્કાલિક માટે રૂા.૪૫૦૦ ફી વસુલાતી હોય છે. તે છતાં આવી તત્કાળ અરજીઓનો પણ નિકાલ ન થતાં અરજી કર્તાઓમાં રોષની લાગણી ફેલાઈ છે.

DON'T

# Compromise!




Portability Benefits Available



## COMPARE, SCRUTINIZE & DECIDE

**Karani**

: For Details Contact Us :

YASHODHAN KARANI 98211 37737

DEEPAK KARANI 98210 82664

DEEPAK MOMAYA 93233 44737

KALPESH LODAYA 93248 33133

- ☑ Global Cover
- ☑ No Room Rent Restrictions
- ☑ Consumables Benefit Cover
- ☑ Maternity Cover
- ☑ Emergency Air Ambulance
- ☑ OPD Dental Treatment Upto 10000/-
- ☑ OPD Treatment Upto 5000/-
- ☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
- ☑ Road Ambulance 5000 per Hospitalisation
- ☑ Compassionate Travel Upto 20000
- ☑ High End Diagnostic upto 25000
- ☑ Bariatric Surgery Cover
- ☑ No Claim Bonus 50% every year upto 100%
- ☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy

*T & C APPLY

# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA